**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**મુખ્ય ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૭૭૩/૨૦૨૧.**

**આંક–.......**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી/નિરીક્ષકશ્રી.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– ૧. એન. પી. પટેલ એન્ડ કંપની,**
**૨. શ્રી નરેન્દ્રભાઈ પોપટભાઈ લુણાગરીયા–ભાગીદારશ્રી,**
**૩. શ્રી સિધ્ધાર્થભાઈ નરેન્દ્રભાઈ લુણાગરીયા–ભાગીદારશ્રી,**
૮/ ૦. એન.પી.પટેલ એન્ડ કંપની,
પાંચમો માળ, વિશાલા લેન્ડ માર્ક, એસ.પી.રીંગ રોડ,
નિકોલ, અમદાવાદ.
**કામનું સ્થળ :** નારોલ–મોતીપુરા ચોકડી વિસ્તારમાં
થઈ રહેલ ડ્રેનેજ–પાઈપ માટેની કામગીરી)

**ગુન્હો :– કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ–૧૯૭૦ ની કલમ–૨૪ મુજબ.**

**આરોપી તરફે :– વિ. વ. શ્રી પી. એ. પટેલ.**

**<u>–: ચૂ કા દો :–</u>**

**૧.** આ કામના ફરીયાદીની ફરીયાદની ટૂંકી હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરીયાદીએ આરોપી સામે કોન્ટ્રાકટ મજૂર નિયમન અને નાબૂદી અધિનિયમ ૧૯૭૦ અન્વયેના જુદા જુદા નિયમોના ભંગ સંદર્ભેની ફરીયાદ અત્રેની કોર્ટ સમક્ષ કરેલ છે. વધુમાં આરોપીએ સદરહુ કાયદાની કલમ–૨૪ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું કથન કરેલ છે. ફરીયાદીની સદરહુ ફરીયાદ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૯૦ (૧) (એ) મુજબ રજૂ થયેલ હોય જેથી સદરહુ કાયદાની કલમ–૨૦૦ (એ) વંચાણે લેતાં કલમ–૨૦૪ માં જણાવ્યા મુજબ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ થયેલ.

**૨.** ત્યારબાદ આ કામમાં આરોપી હાજર થયેલ છે અને તેઓએ ગુનો કબૂલ કરતાં હોવાની પુરસીસ રજૂ કરેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ તેઓને ગુનાની વિગતો જણાવવામાં આવેલ તેમજ ફરીયાદની નકલ આપવામાં આવેલ તેઓને ગુનો કબૂલ છે કે કેમ ? તેવું પુછવામાં આવતાં તેઓએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે. ઉપરોકત વિગતે ગુનાની કબૂલાત પુરસીસ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીએ ગુનાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં

આવેલ છે કે તેઓ ગુનો કબૂલ કરવા બંધાયેલ નથી અને ગુનો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લેવાશે. તેમ છતાં તેઓએ પોતાનો ગુનો સ્વેચ્છાએ કબૂલ હોવાનું જણાવેલ છે. જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

આરોપીએ તેઓનો સદરહુ પ્રથમ ગુનો હોય તેમ જણાવી તેમજ ભવિષ્યમાં આવો ગુનો કરશે નહિ તેની ખાત્રી આપી તેઓને એક તક આપવા અરજ કરેલ છે. તથા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**૩.** આ કામમાં આરોપી સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ કોન્ટ્રાકટ મજૂર નિયમન અને નાબૂદી અધિનિયમ–૧૯૭૦ અન્વયેના નિયમોનો ભંગ કરી સદર કાયદાની કલમ–૨૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તે ગુના સંદર્ભે કાયદામાં જે સજાની ન્યુનત્તમ જોગવાઈ છે તે ધ્યાને લેતા તેમજ આરોપી સામેનો હાલનો પ્રથમ ગુનો હોય અને આરોપી સ્વેચ્છાએ ગુનો કબૂલ કરતા હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે. પરંતુ આરોપી જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું–૭૦૯** ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ ::–</u>**

**૧.** આ કામના આરોપીઓને ક્રિ. પ્રો. કોડ ક.૨૫૨ અન્વયે **કોન્ટ્રેકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ–૧૯૭૦ અન્વયેના નિયમ–૭૬(૧), ૭૫ અને ૮૦(૪) ના ભંગ બદલ સદરહુ કાયદાની કલમ–૨૪ હેઠળ** તકસીરવાન ઠરાવીને આરોપીને **કુલ રૂા.૪,૫૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પાંચસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.** જો આરોપી દંડ ન ભરે તો **આરોપી નં.૨, નં.૩ ને એક માસની સાદી કેદની સજા** ભોગવવા આથી હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.

આ હુકમ આજરોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા.૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

( હેમાંસુ એ. ભુતવાલા )
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
મુખ્ય ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.